Seat No. ________ No. of Printed page. 03

[19]

SARDAR PATEL UNIVERSITY
S.Y B.A SEMESTER – 3rd EXAMINATION
Tuesday 12 Jan.2021
Time : 10.00 A.M. TO 12.00 P.M.
UA03SGUJ-22 (ગુજરાતી ભાષાકૌશલ-૩)

કુલ ગુણ - ૭૦

પ્ર-૧. નીચેનામાંથી કોઇપણ બે પ્રશ્નોના જવાબ આપો. (૪૦)

(૧) વિચાર વિસ્તાર કરો.

૧ સંપત ગઈ તે સાંપડે, ગયાં વળે છે વહાણ,
ગત અવસર આવે નહિ, ગયા ન આવે પ્રાણ.
૨ ઊગે કમળ પંકમાં તદપિ દેવશિરે ચડે,
નહીં કુળથી કિન્તુ મૂલ મૂલવાય ગુણો વડે.

(૨) વિચાર વિસ્તાર કરો.

૧ હા પસ્તાવો! વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે,
પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે.
૨ જનનીની જોડ સખી ! નહિ જડે રે લોલ.

(૩) નીચેની કાવ્યકૃતિનું વિવેચન કરો.

ભોળી રે ભરવાડણ,

ભોળી રે ભરવાડણ હરિને વેચવા ચાલી;
સોળ સહસ્ત્ર ગોપીનો વહાલો મટુકીમાં ઘાલી. ભોળી...
અનાથના નાથને વેચે આહીરની નારી;
શેરીએ શેરીએ સાદ પાડે: લ્યો કોઈ મુરારિ, ભોળી...
મટુકી ઉતારી માંહે મોરલી વાગી,
વ્રજનારીને મુખ જોતાં મૂરછા લાગી. ભોળી...
બ્રહ્માદિક-ઇંદ્રાદિક સરખા કૌતક એ પેખે,
ચૌદ લોકના નાથને કાંઈ મટુકીમાં દેખે. ભોળી...
ગોવાલણીના ભાગ્યે પ્રગટ્યા અંતરજામી;
દાસલડાંને લાડ લડાવે નરસૈંયાનો સ્વામી. ભોળી...

– નરસિંહ મહેતા

(૪) નીચેની કાવ્યકૃતિનું વિવેચન કરો.

કેવડિયાનો કાંટો

કેવડિયાનો કાંટો અમને વનવગડામાં વાગ્યો રે:
મૂઇ રે એની મ્હેક, કલેજે દવ ઝાઝેરો લાગ્યો રે.
બાવળિયાની શૂળ હોય તો
ખણી કાઢિએ મૂળ,
કેરથોરના કાંટા અમને
કાંકરિયાળી ધૂળ;
આ તો અણદીઠાનો અંગે ખટકો જાલિમ જાગ્યો રે,
કેવડિયાનો કાંટો અમને વનવગડામાં વાગ્યો રે.
તાવ હોય જો કડી ટાઢિયો
ક્વાથ કુલડી ભરીએ,
વાંતરિયો વળગાડ હોય તો
ભૂવો કરી મંતરીએ;
રૂંવે રૂંવે પીડ જેની એ તો જડે નહિ કહીં ભાંગ્યો રે.
કેવડિયાનો કાંટો અમને વનવગડામાં વાગ્યો રે.

– રાજેન્દ્ર શાહ



(P.T.O.)

પ્ર-૨. નીચેનાંમાંથી કોઇપણ બે પ્રશ્નોના જવાબ આપો. (30)

(૧) નીચે આપેલા ગદ્યખંડનું વિવરણ કરો.

માનવે તો પુરુષાર્થમાં સતત મચ્યા રહેવાનું છે. કસો કમર, ચલાવો મજલ, મુકામની દિશામાં બે ડગ તો ભરો, જે પ્રયત્નશીલ છે, તે અથડાતો-પછડાતો પણ છેવટે પોતાના અસલ મુકામે પહોંચે છે. વચ્ચે કેવી ભૂલો થઇ, પતનો થયાં, એ મોટો સવાલ નથી, માણસ પાછો ઊભો થઇ જાય અને ફરી મજલ કાપવા માંડે, એનું મહત્વ છે. સતત પ્રયત્ન કરતો રહે તો માણસ અંતે જીવન સાફલ્ય પામે જ છે "ઉતાવળ વિના, પરંતુ ક્ષણ એક જંપ્યા વિના."

– ઉમાશંકર જોશી

(૨) નીચે આપેલા ગદ્યખંડનું વિવરણ કરો.

સ્ત્રી એક મહાન શક્તિ છે. તેનાં બે પાસાં છે : (૧) તે ડુબાડનારી છે અને (૨) તે તારનારી પણ છે. સ્ત્રીશક્તિ ત્યારે જ ખીલી ઊઠતી હોય છે, જ્યારે તેની આગળ કે પાછળ કોઇ પુરુષ હોય. પુરુષ વિનાની તે અબળા છે. તે સ્વયં પોતાની જાતે જ એકલી પોતાની શક્તિનો ઉપયોગ નથી કરી શકતી. તેના ડુબાડનારા પાસાને મોહિનીરૂપ કહેવાય છે અને તેના તારનાર પાસાને ઉદ્ધારિણીરૂપ કહેવાય છે. મોહિનીરૂપ તેનું સહજ રૂપ છે. પોતાની કાર્યસિધ્ધિ માટે તે હંમેશા આ રૂપનો ઉપયોગ કરે છે. તેના પણ બે રૂપ છે. (૧) મોહ પામીને મોહ પમાડવાનું અને (૨) મોહ પામ્યા વિના મોહ પમાડવાનું . પ્રથમ રૂપ પણ સહજ છે. જ્યારે તે કોઇને મોહ પમાડવાનું કાર્ય કરે છે ત્યારે તે જાતે પણ મોહ પામતી જાય છે. તેથી તે ડુબીને ડુબાડનારી થઇ જાય છે. પણ તે બીજા રૂપમાં તે કોઇના દોરીસંચાર પ્રમાણે મોહ પામ્યા વિના જ મોહ પમાડે છે. ત્યારે તે પોતે ડૂબ્યા વિના બીજાને ડુબાડનારી બને છે.

– સ્વામી સચ્ચિદાનંદ

(3) નીચે આપેલા ગદ્યખંડનું સંક્ષિપ્તીકરણ કરો.

પ્રાર્થના એ એક રીતે હ્રદયનું સ્નાન છે અને બીજી રીતે હ્રદયનો ખોરાક પણ છે. પ્રાર્થનાના વાતાવરણમાં જો આપણે તલ્લીન થઇ શક્યા તો હ્રદયમાં ભેગા થયેલા અનેક કુસંસ્કારો અને મલિન સંકલ્પો ધીમે ધીમે ઓગળી જાય છે અને શુભ સંકલ્પો મજબૂત અને વિકસિત થતા જાય છે. પ્રાર્થનામાં આપણે કશું માંગીએ કે ન માંગીએ, ભગવાનની સન્નિધિમાં આપણે ઊભા રહીએ એટલે આખું વાતાવરણ એની મેળે પવિત્ર થતું જાય છે. સમૂહમાં કરેલી પ્રાર્થના દ્વારા, એમા ભળનાર લોકો વચ્ચે એક જાતની આત્મીયતા અને આત્મપરાયણતા પેદા થઇ શકે છે. સમાજ અનેક રીતે પડેલો હોય છે, હારેલો હોય અને છિન્ન ભિન્ન થયો હોય તોયે એમાં નવું ચૈતન્ય પેદા કરવા માટે પ્રાર્થના સમર્થ છે. પ્રાર્થના એ માણસજાતની છેલ્લી મૂડી છે બાકી કશું ન રહ્યું હોય તોયે પ્રાર્થના આપણને ધીરજ અને નવી આશા આપી શકે છે. પ્રાર્થનાની ટેવ હોય તો કઠણ પ્રસંગે અચૂક એનું જ શરણ લેવાનું સૂઝે છે.

– કાકા કાલેલકર

(૪) નીચે આપેલા ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો.

આજનું શિક્ષણ માત્ર સ્મૃતિની ઉછેર કરે છે. આપણે જીવતા માણસોને સ્મૃતિનાં યંત્રો બનાવીએ છીએ. હકીકતો અને અભિપ્રાયોને ધારણ કરનારા સામાન્ય પ્રાણીઓની નીપજ કરવી છે અને સમય આવ્યે એમની ઉપયોગ કરવો છે. આપણે એવા માણસો પેદા કરવા માંગીએ છીએ કે જેમનાં મન, ધર્મ, માન્યતાઓ અને પરંપરાથી ગૃહીત છે. મને લાગે છે કે સાચુ શિક્ષણ આ બધાં સંસ્કારો ગ્રહણોની પેલે પારથી શરૂ થાય છે. જ્યાં માણસ વિચારવાની સાચી પ્રક્રિયા સમજે છે. આ સંસ્કાર ગ્રહણોને ઓળંગી જવાના તમારા પુરુષાર્થમાં સમાજ તમને કશી જ મદદ કરી શકે તેમ નથી. સમાજને પોતાની પરંપરાઓ નિભાવવા માટે સાધારણ માણસોની પેદાશ કરવી છે. આવા સમાજ સામે તમારે બળવો પોકારવો પડશે. જ્ઞાન તમારા અનુભવને ગૃહીત બનાવે છે. જો તમારે તથ્યને અનુભવવું હશે તો જ્ઞાનનાં બધા જ વસ્ત્રો ઉતારીને મનને મુક્ત કરવા પડશે. સત્ય અથવા તથ્ય વિશે જ્ઞાન મેળવી શકાતું નથી. કેળવણી માટે પધ્ધતિ જોઇએ. પધ્ધતિ પછી સમયને વચ્ચે લાવે છે. સમય એ સ્મૃતિ છે. સ્મૃતિ એટલે પરંપરા. આ બધાં સંસ્કાર ગ્રહણોને તમે જોઇ લો તો એ પોતાની મેળે સંસ્કાર નિર્મિતની પ્રક્રિયાનું શાંત થવું એ સાવધાનીની શરૂઆત છે.

—X—